
# ઈસ્લામના તહેવારો પાછળ અનેક વિશેષતાઓ સમાયેલી છે : હઝરત સૈયદ મોહમદઅલી બાવા

### હજ્જારોની સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઇદગાહ ખાતે નમાજ અદા કરી

ડીસામાં ગતરોજ ઈદની ઊજવણી રમઝાન ઈદની હર્ષોલ્લાસભેર ઉજવણી ડીસા ઈદગાહ ખાતે કરી હતી. જેમાં ઉપસ્થિત જનમેદનીને હઝરત સૈયદ મોહમ્મદ અલી બાવાએ જણાવ્યું કે ઈસ્લામ ના તહેવારોની ઉજવણી પાછળ વિશેષતાઓ સમાયેલી છે તેમને વધુમાં જણાવ્યું કે દરેકના દુઃખમાં સહભાગી બની ઈદની ખુશી વ્યક્ત કરવા જણાવ્યું હતું જેમાં ગરીબ ગુરબા અને આડોશ પાડોશીનો ખ્યાલ રાખી અને હઝરત ભાઈજાન બાવાની યાદ અપાવતા ઉપસ્થિત જન મેદનીની આંખો આંસુઓથી ભરાઈગઈ હતી જયારે હઝરત સૈયદ હસન અલી બાવાએ જણાવ્યું કદ ગરીબોના હક્ક અદા કરી ઈદની ખુશી વ્યક્ત કરવા જણાવ્યું હતું એક બીજા હિન્દૂ ભાઈઓ સાથે મળી ઈદની ઉજવણી કરવા જણાવ્યું હતું આ પ્રસંગે સૈયદ મોહમદ અલી બાવાની ઈમામત હેઠળ હજ્જારોની સંખ્યામાં મૂસ્લિમ બિરાદરોએ ઈદ ઉલ ફિત્રની નમાજ અદા કરી હતી ત્યારે બાદ એક બીજાને ગળે મળી ઈદ મુબારક બાદી પાઠવી ખુશી વ્યક્ત કરી હતી ત્યારે બાદ તેમના પૂર્વજને યાદ કરવા કબ્રસ્તાન જઈ મુસ્લિમ ભાઈઓએ દુઆગો ગુજરી હતી જયારે રિસલા મસ્જિદ ખાતે મોલાના અબ્દુલ હનનાન (મુના) વાળાની ઈમામત હેઠળ મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાજ પડી અદા કરી હતી ડીસામાં ઉનાળાની ભયકર ગરમી પડતી હોવાથી નમાંઝીઓ માટે રિસાલા મસ્જિદમાં ટેન્ટ તથા કુલરો તથા સરબતની સુંદર વ્યવસ્થા આયજકો દ્વારા કરવામાં આવી હતી જયારે ઈદગાહ ખાતે પણ નમાંઝીઓને તકલીફ ન પડે તે માટે ટેન્ટ તથા કુલરોની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી આજે હિન્દૂ ભાઈઓ પોતાના સબંધી મુસ્લિમ ભાઈઓના ઘરે જઈ ઈદ મુબારક બાદી પાઠવી ખીરની જ્યાફ્ત માણી ઈદની સાચી ઉજવણી કરી કોમી એકતાના દર્શન કરાવ્યા હતા.







## અરવલ્લી જીલ્લામાં ઈદ-ઉલ-ફિત્રની ઉલ્લાસપૂર્વક ઉજવણી

પવિત્ર રમઝાન માસ પૂર્ણ થતા સમગ્ર દેશમાં ઈદ-ઉલ-ફિત્રની ઉલ્લાસપૂર્વક ઉજવણીમાં મુસ્લિમ બિરાદરોએ એકમેકને ઈદ મુબારકરૂપી શુભેચ્છા પાઠવી હતી. અરવલ્લી જીલ્લામાં બુધવારે ઈદગાહમાં રમઝાન ઈદ નિમિત્તે મુસ્લિમ બિરાદરોએ નમાજ અદા કરી હતી. મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી ઈદગાહમાં મોડાસા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા તમામ મુસ્લિમ બિરાદરોએ એકઠા થઈ નમાજ અદા કરી એકબીજાને ગળે મળી ઈદ મુબારકની શુભેચ્છા પાઠવી હતી. મોડાસા ચાર રસ્તા પર હિન્દુ સમાજના અગ્રણીઓ, રાજકીય પક્ષો અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા લોકો હરોળબદ્ધ ઉભા રહી ઈદગાહમાં નમાજ અદા કરી પરત ફરતા અબાલ, વૃદ્ધ સૌ કોઈ મુસ્લિમ બિરાદરોને એકબીજાને ગળે મળીને ઈદ મુબારક પાઠવતા ધાર્મિક સૌહાર્દનું વાતાવરણ પેદા થયું હતું. અરવલ્લી જીલ્લામાં મુસ્લિમ બિરાદરોએ ચાંદ કમિટીની જાહેરાત પછી અને ગત રાત્રીએ ચાંદ દેખાતા જ પવિત્ર રમઝાન માસ પૂર્ણ થયો હતો અને ઈદની ઉજવણી શરુ કરી હતી. જીલ્લાના તમામ ઈદગાહમાં સવારથી જ અબાલ, વૃદ્ધ સૌ કોઈ નવા વસ્ત્રોમાં સજ્જ થઈ ઈદની વિશેષ નમાજ અદા કરી હતી. મુસ્લિમ બિરાદરોએ એકબીજાના ઘરે જઈ અરસ-પરસ ઈદની શુભકામનાઓ પાઠવી હતી તેમજ સૌ કોઈએ ખીર ખુરજા ખવડાવી મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

# હિંમતનગર-ઢેકવા બસના ચાલકે દારૂ ઢીંચી બસ હંકારતા મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

મેઘરજ, તા. ૫

રાજયમાં એસટી નિગમ દ્વારા એસટી બસના ડ્રાઈવરો દારૂના નશામાં બસ હંકારતા હોવાથી વધુ અકસ્માત થતા હોવાનું ધ્યાનમાં આવતા તમામ બસ મથકોમાં બ્રેથ એનલાઈઝર મશીનો ફાળવવામાં આવ્યા છે. સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં એસટી બસ ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓ ફરજ દરમિયાન નશામય હાલતમાં હોવાની ભૂતકાળમાં અનેક ઘટનાઓ બહાર આવી છે. હિંમતનગર-ઢેકવા બસનો ડ્રાઈવર ઢેકવાથી પરત બસ લઈને આવતા બસ હાલક-ડોલક હંકારતા બસમાં મુસાફરી કરતા મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. મેઘરજ બસ સ્ટેન્ડમાં બસ પહોંચતા જ મુસાફરોએ હોબાળો કરતા મેઘરજ બસસ્ટેન્ડનાં કંટ્રોલરે મેઘરજ પોલીસને જાણ કરતા ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર એસટી વિભાગ




કચેરીની હિંમતનગર-ઢેકવા બસનો ચાલક પસાભાઈ અમીચંદ ભાઈ પટેલ (રહે,વામોજ, હિંમતનગર) એસટી બસ (ગાડી.નં-જીજે.૧૮.વાય.૯૯૦૮) લઈ હિંમતનગરથી ઢેકવા બસ લઈ પરત ઢેકવાથી પરત મુસાફરો ભરી બસ લઈને આવતા બસ રોડ પર રેલાતા બસમાં બેઠેલા મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા. બસ મેઘરજ બસ સ્ટેન્ડમાં પહોંચતા ડ્રાઈવર દારૂ પીધેલી હાલતમાં હોવાની જાણ થતા મુસાફરોએ ડ્રાઈવર સામે દેકારો મચાવતા મેઘરજ બસ સ્ટેન્ડમાં ફરજ બજાવતા કર્મચારીઓ દોડી આવ્યા હતા અને ડ્રાઈવર લથડિયાં ખાતો હોવાથી મેઘરજ પોલીસને જાણ કરતા મેઘરજ પોલીસે બસ સ્ટેન્ડમાં દોડી આવી ડ્રાઈવરની ધરપકડ કરી મેડિકલ ચેકઅપ માટે મોકલી આપી નિસારભાઈ યુસુફમીયાં ખોખર (ટ્રાફિક કંટ્રોલર મેઘરજ બસ સ્ટેન્ડ)ની ફરિયાદના આધારે પસાભાઈ અમીચંદભાઈ પટેલ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## બનાસ ડેરીએ દૂધ ઉત્પાદકોને કિલો ફેટે ૨૫નો ભાવ વધાર્યો

પશુપાલકોના હિતને સૌથી વધુ મહત્વ આપતી બનાસ ડેરીએ વખતો વખત બજારની સ્થિતિને ધ્યાને લઈને દૂધના ભાવોની સમિક્ષા કરી છે. આ જ પ્રક્રિયાના ભાગરૂપે આજે બનાસ ડેરીના વહીવટીતંત્રએ વધુ ૨૫ના ભાવવધારાની જાહેરાત કરતાં પશુપાલકો આનંદની લાગણી અનુભવી રહ્યાં છે. આમ ૬૩૦નો ભાવ વધીને રૂ. ૬૫૫ થશે.

વધુમાં જિલ્લામાં દાણની વધતી માંગને પહોંચી વળવા રાજ્યના અન્ય દૂધ સંઘો પાસેથી પ્રતિ માસ અંદાજિત ૧૫,૦૦૦ મેટ્રિક ટન દાણ પણ ખરીદવાની ફરજ પડે છે. દાણના કાચામાલના જથ્થામાં ભાવવધારો અને અન્ય ડેરીઓએ દાણના વધારેલ ભાવના કારણે રૂ. ૧૪૫૫માં ખરીદેલું દાણ રૂ.૧૨૭૫માં પશુપાલકોને વેચવાના કારણે પ્રત્યેક બેગ પર બનાસ ડેરીને અંદાજીત રૂ. ૧૮૦નું નુકશાન થઈ રહ્યું છે.

### રાધનપુરના દાઉદી વ્હોરા પરિવારની બોલેરો જીપ

# મોડાસાના ખુમાપુર નજીક ટ્રકમાં ઘુસતા એકનું મોત

મોડાસા, તા. ૫

રાધનપુરના દાઉદી વ્હોરા પરિવાર બોલેરો જીપમાં રમઝાન ઈદના તહેવાર નિમિત્તે રાજસ્થાનના ગલિયાકોટ ખાતે દરગાહ જિયારત કરવા નીકળ્યો હતો. મોડાસા-હિંમતનગર રાજયધોરી માર્ગ પર આવેલા ખુમાપુર નજીક મોડી રાત્રીએ ટ્રક પાછળ ધડાકાભેર બોલેરો જીપ ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાતા પરિવારના મોભીનું મોત નીપજ્યું હતું. ૫ વ્યક્તિઓના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ સારવાર અર્થે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલ પોલીસે મૃતકના મૃતદેહને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રમઝાન



ઈદના દિવસે દાઉદી વ્હોરા સમાજના રાધનપુરના અગ્રણીનું મોત નિપજતા દાઉદી વહોરમાં સમાજમાં માતમ છવાયો હતો.

મોડાસાના ખુમાપુર નજીક ટ્રક પાછળ બોલેરો જીપ ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાતા ૧ વ્યક્તિનું મોત નીપજ્યું હતું. રાધનપુરનો દાઉદી વ્હોરા પરિવાર બોલેરો જીપમાં રમઝાન ઈદ તહેવાર હોવાથી ગલિયાકોટ ખાતે આવેલ દરગાહમાં જિયારત કરવા નીકળ્યા હતા. રાજેન્દ્રનગર ચોકડીથી મોડાસા તરફ આવતા ખુમાપુર ગામ નજીક રીફ્લેક્ટર કે સાઈડ સિગ્નલ વગર પસાર થતી ટ્રકના ચાલકે એકાએક બ્રેક મારતા પાછળથી બોલેરો જીપ ટ્રક પાછળ ઘુસી જતા બોલેરો જીપમાં બેઠેલા કાસીમભાઈ અજગરઅલી કાગજવાલા (ઉં.વર્ષ-૬૧)ના શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માતમાં જીપ ડ્રાઈવર હુસેનભાઈ ઉર્ફે આફ્તાબભાઈ ડોડીયા અને લતીફાબેન, નફીસાબેન, જમીલાબેન, સારાબેન નામની મહિલાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે મોડાસા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતને પગલે દોડી આવેલી મોડાસા રૂરલ પોલીસે મુજેફાભાઈ કાસીમભાઈ કાગજવાલાની ફરિયાદના આધારે ટ્રકચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### આગામી ટૂંક સમયમાં નવજાત શિશુઓને

# સરકારી દવાખાનાઓમાં રોટા વાયરસની રસી આપવામાં આવશે

નવજાત શિશુઓને ગંભીર રોગ સામે રક્ષણ મળી રહે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા જન્મથી ૧૬ વર્ષની ઉંમર સુધી નિયત કરેલ રોગ




પ્રતિકારક રસીઓ આપવામાં આવે છે. આગામી ટૂંક સમયમાં સાબરકાંઠા જીલ્લામાં બાળકોમાં "રોટા વાયરસ"નાં કારણે થતા ઝાડાનાં રોગ સામે રક્ષણ મળી રહે તે માટેની રસી સરકારી દવાખાનાઓમાં અને ગ્રામ્યકક્ષાએ મમતા દિવસોમાં મફતમાં આપવામાં આવશે. નવજાત શીશુઓમાં રોટા વાયરસના કારણે થતા ઝાડા એક ગંભીર બીમારી છે. જેને થતા રોકવામાં રોટા વાયરસ વેક્સીન (રોગ પ્રતિકારક રસી) ખુબ અસરકારક રીતે કામ કરે છે. નવજાત શિશુઓને દોઢ, અઢી અને સાડા ત્રણ માસે મો દ્વારા પીવડાવવામાં આવનાર આ રસીથી આપણે અનેક બાળકોને રોટા વાયરસના કારણે થતા ઝાડાથી થતા મરણ અટકાવી શકીશું.

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.મનીષ ફેન્સી અને આર.સી.એચ.ઓ ડો. આર.જે. શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ તા ૪ જુનના રોજ સ્ટારસીટી હોલ ખાતે જીલ્લાના તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના તબીબી અધિકારીઓને રોટા વાયરસ વેક્સીન અંગેની જરૂરી તાલીમ આપવાનો વર્કશોપ યોજવામાં આવેલ. જેમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના કન્સલ્ટન્ટ ડો. આર્થર મેકવાન, ટી.એચ.ઓ. હિંમતનગર ડો. જયેશ પરમાર અને ડો.કલ્પનાબેન પટેલે ઉપસ્થિત સર્વેને જરૂરી તાલીમ આપેલ. આ તાલીમ કાર્યક્રમમાં અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો. જયંત કનોરીયા, તમામ તાલુકા આરોગ્ય અધિકારીઓ અને મેડીકલ ઓફિસરો ઉપસ્થિત રહેલ.

## કાંકરેજ તાલુકાના શિહોરી મહારાજા જીનિંગમાં ભારતીય જનતા પાર્ટીની બેઠક યોજાઈ

પાટણ લોકસભા ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાતા આજે કાંકરેજ માં પાટણ સાંસદ ભરતસિંહ ડાભી શિહોરી ખાતે



આવેલી મહારાજા જીનિંગમાં પધારશે અને કાંકરેજ ૧૫ વિધાનસભા મતદારો નો આભાર વ્યકત કરી સભા સંબોધન કરશેકાંકરેજ તાલુકા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશેટૂંક સમયમાં જ કાર્યક્રમ યોજવામાં આવશે અને મતદારો નો આભાર વ્યક્ત કરવા માટે પાટણ જિલ્લા સાંસદ ભરતસિંહ ડાભી આપશે હાજરીકાંકરેજ ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલા. ભરતસિંહ ભટેશરીયા. દિનેશભાઈ દવે.સુખદેવસિંહ સોઢા હરગોવનભાઈ શિરવાડિયા .મફતસિંહ સોલંકી.અશ્વિન શાહ.સમુજી ડાભી. મયંક નાયક પાટણ.સહિત અનેક ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને વિજયોઉત્સવ મનાવી મતદારો અને કાર્યકરો નો આભાર માન્યો હતો ભરતસિંહ ડાભી એ કાંકરેજ વિધાનસભા મતવિસ્તારમાં આવતા તમામ ગામોમાં વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહીશ તેવી ખાત્રી આપી હતી.

## ડીસાના મોહમદ ઝૈદ એ રમઝાન શરીફના પુરા રોઝા રાખી અલ્લાહની બંદગી કરી

ડીસા રાજપુરમાં રહેતા જમીલભાઈ (પત્રકાર)ના પુત્ર મોહમદ



ઝેદ (ઉં.વ.૧૧) રમઝાન શરીફના ૨૯ પુરા રોઝા રાખી અલ્લાહની બંદગી કરી હતી. ડીસામાં અત્યારે ૪૪ ડિગ્રી ગરમી પડી રહી છે ત્યારે નાના ભૂલકાઓ રોઝા રાખી અલ્લાહની બંદગી કરી હતી. છેલ્લા ત્રણ વર્ષથી રોઝા રાખતા મોહમદ ઝેદને ડીસાના પત્રકાર મિત્રોએ ઘરે જઈ શુભેચ્છા પાઠવી હતી.

## આર. જે. તન્ના પ્રેરણા મંદિરમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી

ભિલોડા, તા. ૫

ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા મંદિરમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી. વેકેશનનો સમય હોવા છતાં એન.એસ.એસ.માં જોડાયેલા તમામ સ્વયંસેવકો ભાઈ-બહેનો શાળામાં હાજર રહ્યા હતા. આગામી સમયમાં શાળા કેમ્પસમાં તેમજ પોતાના ગામમાં વૃક્ષારોપણ માટેનું આયોજન કર્યુ હતુ. એન.એસ.એસ. ઓફિસરે તમામ સ્વયંસેવકોને પાણીનો, વીજળીનો, પેટ્રોલનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા માટેની સલાહ આપી હતી. શાળાના આચાર્ય રમણભાઈ પટેલે તમામ સ્વયંસેવકો વેકેશનના સમયમાં પણ હાજર રહ્યા તે બદલ આભાર વ્યક્ત કરી ૨૧મી સદીને ઉંબરે આવીને ઉભેલા વિશ્વ સમક્ષ આજે કોઈ સૌથી મોટી સમસ્યા હોય તો તે છે પર્યાવરણની જાળવણી છે તેવુ જણાવી પર્યાવરણને નુકશાન કરતા પરિબળો જેવા કે વધતી જતી વસ્તી, નિરક્ષરતા, જંગલનો વિનાશ, ઔદ્યોગીકરણ, સમાજમાં ચેપી રોગનો ફેલાવો, પાણી હવા અને અવાજનું પ્રદૂષણને કાબુમાં લેવા માટે ફક્ત પર્યાવરણ જ આપણા સૌનો રક્ષક, પોષક અને સંવર્ધક બની શકે એવી સમજ એક સ્વયંસેવક તરીકે સમાજમાં પ્રચાર અને પ્રસાર કરવા માટેની સલાહ આપી હતી. સમગ્ર આયોજન શાળાના શિક્ષક પ્રગ્નેશ પટેલ અને કે.કે. દરજીએ કર્યું હતું.

# ગુજરાત રાજ્યનું સૌ પ્રથમ "ઔષધ ગામ" તરીકે ડોડીયા ખુલ્લુ મુકાયુ

મોડાસા, તા. ૫

માલપુર તાલુકાની ઈનોવેટિવ પંચાયત ડોડીયા દ્વારા સમયાંતરે વિવિધ ઈનોવેટિવ પ્રવૃત્તિ કરવામાં આવે છે અને આ સમગ્ર ઈનોવેટિવ પ્રવૃત્તિ પાછળ ડોડીયા પંચાયતના ઈનોવેટિવ સરપંચ નાનાભાઈ ડી.વાળંદનો સિંહ ફાળો છે. આજરોજ વિશ્વ ૫ મી જૂનને વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવી રહ્યું છે. ત્યારે ડોડીયા પંચાયત પર્યાવરણ સંદર્ભે એક ઈનોવેટિવ આઈડિયા થકી સમગ્ર ગુજરાતને રાહ ચીંધ્યો છે. વધતી જતી ગ્લોબલ વોર્મિંગની સમસ્યાઓને પહેલેથી જ પોહચી વળવા પાણી પહેલા પાળ બાંધવાનુ કામ ડોડીયા પંચાયત દ્વારા કર્યું છે. વિશ્વ પર્યાવરણના પવિત્ર પ્રસંગે ઔષધ ગામનો વિચાર આવવો એ મોટી વાત છે. ડોડીયા પંચાયત સમગ્ર ગામને ઔષધ ગામ માટે પ્રતિબદ્ધ બની છે અને એની શરૂઆત પર્યાવરણ દિનના દિવસથી પ્રાંત કલેકટર નવનાથ ગવ્હાણેના વરદ હસ્તે થઈ છે. ત્યારે આ ઔષધ ગામના મૂળ વિચારમાં એવું છે કે સમગ્ર ડોડીયા ગામમાં કુલ ૩૦૦ ઘર આવેલ છે. આ તમામ ઘરને સરખા ભાગે વહેંચીને સોસાયટીમાં વિભાજીત કરવામાં આવેલ છે અને એ વિભાજીત થયેલ સોસાયટીને ઔષધીના નામ પરથી સોસાયટીનું નામ આપવામાં આવેલ છે જેમ કે તુલસીવન સોસાયટી આ તુલસી વન સોસાયટીમાં પંચાયત દ્વાર દરેક ઘરે તુલસીનાં છોડ આપવામાં આવશે. આમ સમગ્ર સોસાયટીમાં તુલસીઓ જ આપવામાં આવશે અને બીજી સોસાયટી અરડૂસી સોસાયટી હોઈ તો તેમાં તમામને



ઘરે અરડૂસી જ હોઈ આમ કુલ વિસ સોસાયટી બનાવવામાં આવી છે અને એક વર્ષના અંતે એટલે કે આવતી ૫ જૂનના દિવસે આ ઔષધ ગામની સમીક્ષા કરી એની એક સક્સેસ સ્ટોરી રજૂ કરવામાં આવશે અને જરૂરી સુધારા વધારા સાથે એને બળવત્તર કરવામાં આવશે. આમ સમગ્ર ગુજરાત નું સૌ પ્રથમ ઔષધી ગામની બહુમાન મળતા સમગ્ર ડોડીયા પંચાયત વિસ્તારના મોટી સંખ્યામાં ઉપસ્થિત થયેલ લોકોએ ડોડીયાના ઈનોવેટિવ સરપંચ નાનાભાઈ વાળંદની ખૂબ પ્રશંશા કરી હતી અને આ ક્ષણનો રાજીપો વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ગુજરાતના પ્રથમ વિચારને ડોડીયા પંચાયત દ્વારા રજૂ થયો જેના સાક્ષી તરીકે પ્રાંત કલેકટર નવનાથ ગ્વાહાણે, માલપુર ટી.ડી.ઓ. રાકેશભાઈ પટેલ, માલપુરના આસિસ્ટન્ટ ટી.ડી.ઓ. યોગેશભાઈ પંડ્યા, રિલાયન્સ ફાઉન્ડેશનમાંથી ભરતભાઈ પટેલ, ઈફકોમાંથી કિશનસિંહ પરમાર, હાજર રહ્યા હતા. સાથે પર્યાવરણ દિનના દિવસે યોજાયેલા આ ઔષધી ગામ શુભારંભ કાર્યક્રમને ડોડીયા સરપંચ દ્વારા બિલકુલ ઈકો ફ્રેન્ડલી રીતે યોજવામાં આવ્યો હતો. મતલબ આ કાર્યક્રમમાં નહિવત પ્લાસ્ટીક ઉપયોગ કરીને એક નહિ પહેલ પણ કરી હતી.



## મોડાસામાં પર્યાવરણ દિવસ અને રમઝાન ઈદની વૃક્ષો વાવી અનોખી ઉજવણી

૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસ અને મુસ્લિમ સમુદાયના પવિત્ર રમઝાન માસ પૂર્ણ થતા રમઝાન ઈદનો અનોખો સંયોગ સર્જાતા બુધવારે મોડાસા મારુતિ મંડળના યુવાનોએ મુસ્લિમ સમાજના બાળકો સાથે વૃક્ષો વાવી એકબીજાને ઈદ મુબારક પાઠવી અનોખી ઉજવણી કરવામાં આવી હતી અને પર્યાવરણ જાગૃતિના સૂત્રોચ્ચાર કરી એકઠા થયેલા તમામ લોકોએ વધુ વૃક્ષો વાવવા અને પર્યાવરણ બચાવવા સંકલ્પ લીધા હતા. આ અનોખી ઉજવણીમાં મારુતિ વિકાસ મંડળના પ્રમુખ નિલેશ જોશી, અમિત કવિ, જગદીશ પટેલ, અશોક પરમાર અને મુસ્લિમ સમાજના નાના ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.